# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/192 Dt. 18/10/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસીના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયાના ગ્લોબલ ટ્રેડ એક્સ્પોની મુલાકાત લીધી

## 16 સભ્યોના પ્રતિનિધિમંડળમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદીનો સમાવેશ

## ઉદ્‌ઘાટન સમારોહમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ, વેપાર-વાણિજ્ય મંત્રીની સાથે ચેમ્બરનું પ્રતિનિધિમંડળ પણ હાજર

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ ચેમ્બરના 16 સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે તા. 12 થી 18 ઓક્ટોબર, 2025 દરમિયાન ઇન્ડોનેશિયાની મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિ મંડળમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદી અને વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે તા. 15થી 19 ઑક્ટોબર દરમ્યાન આયોજિત ગ્લોબલ ટ્રેડ એક્સ્પો ઈન્ડોનેશિયાની 40મી આવૃત્તિની મુલાકાત લેવા માટે ઈન્ડોનેશિયા ગણરાજ્યના નવી દિલ્હી સ્થિત દૂતાવાસ તરફથી આમંત્રણ મળ્યું હતું.

ઈન્ડોનેશિયાના વેપાર મંત્રાલય હેઠળ ડિરેક્ટોરેટ જનરલ ઑફ નેશનલ એક્સપોર્ટ ડેવલપમેન્ટ દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં 130થી વધુ દેશોએ ભાગ લીધો અને 8000થી વધુ આંતરરાષ્ટ્રીય બાયર્સે મુલાકાત લેતા આ રીતે તે આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી મોટા અને સૌથી વિશ્વસનીય બીટુબી ટ્રેડ એક્ઝિબિશન તરીકે તેની નામના જાળવી રાખે છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની આગેવાનીમાં ટેક્સ્ટાઈલ, હીરા, વોટર પ્યુરિફિકેશન સિસ્ટમ, શિક્ષણ, સોલર એનએજી, મીઠું અને કોલસા ટ્રેડિંગ અને વ્યસાયિક સેવાઓ એમ વિવિધ ક્ષેત્રના 16 બિઝનેસ અગ્રણી સભ્યોના પ્રતિનિધિમંડળે આ એક્ઝિબિશનની મુલાકાત લીધી અને તેના ઉદ્ઘાટન સમારોહમાં પણ હાજર રહ્યા. આ ઉદ્ઘાટન સમારોહમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ મહામહિમ પ્રબોવો સુબિઆંટો અને વેપાર વાણિજ્ય મંત્રી શ્રી બુડી સેંટોસો હાજર રહ્યા હતા. 'ટ્રેડ બિયોન્ડ બાઉન્ડ્રી'ના થીમ પર યોજાયેલા આ પ્રદર્શનમાં ચેમ્બરના પ્રતિનિધિમંડળે વિવિધ મહાનુભાવો, નિકાસકારો અને વિશ્વભરના રોકાણકારો સાથે મહત્વપૂર્ણ ચર્ચા-મુલાકાતો કરી હતી.

શ્રી મદ્રાસીએ કહ્યું કે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો અને નિકાસકારો માટે નવા બજારો ખોલવાના ચેમ્બરના સતત પ્રયાસોનો એક ભાગ હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર અને આસિયનનું મુખ્ય સભ્ય હોવાથી ઇન્ડોનેશિયા ભારતીય એમએસએમઇ અને મોટા ઉદ્યોગો માટે સમાન તકો પ્રદાન કરે છે. દક્ષિણ ગુજરાત અને ઈન્ડોનેશિયા વચ્ચે બિઝનેસ સહયોગ વધારવા અને દ્વિપક્ષી સંબંધો મજબૂત કરવા ચર્ચા થઈ હતી.